કોરોનાની રસીનો જથ્થો ખુટી જતાં સુરત શહેરમાં આજે રસીકરણ સેન્ટરો બંધ રહેશે

રસીકરણ કેન્દ્રો બંધ રહેતા લાભાર્થીઓએ ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો: રસીનો પૂરતો જથ્થો મળ્યા બાદ જ વેક્સિનેશનની કામગીરી શરૂ કરાશે

સુરત, તા.૧૪

કોરોનાની રસીનો પુરતો જથ્થો નહોવાને પગલે આવતીકાલે વેક્સિનેશન સેન્ટર બંધ રાખવાની જાહેરાત મનપા દ્વારા કરવામાં આવી છે. આજે પણ સેન્ટરો બંધ રહ્યા હોય લોકોએ ભારે હાલાકીનો સામનો કરવો પડયો હતો. પુરતો જથ્થો પ્રાપ્ત થયા બાદ રાબેતા મુજબ વેક્સિનેશનની કામગીરી શરૂ કરી દેવાશે.

સુરત શહેરમાં છેલ્લા કેટલા દિવસથી કોરોનાના કેસોમાં વધારો થઈ રહ્યો છે. આજે પણ શહેરમાં ૫૮ જેટલા નવા કેસો નોધાયા હતા. શહેરીજનોને રક્ષણ પુરૂ પાડવાના હેતુસર મનપા દ્વારા પ્રીકોસન ડોઝ આપવામાં આવી રહ્યો છે. વધુમાં વધુ લોકોને પ્રીકોસન ડોઝ આપી શકાય તે હેતુસર ગત ૧૫મી જુલાઈથી સુરત મનપા દ્વારા વેક્સિનેશ અભિયાન શરૂ કરવામાં આવ્યું હતું. આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત હાથ ધરવામાં આવનાર અભિયાન સતત ૭૫ દિવસ ચાલવાનો દાવો મનપા દ્વારા કરવામાં આવ્યો હતો. પરંતુ કોરોનાની વેક્સિનનો પુરતા પ્રમાણમાં જથ્થો નહોવાને પગલે અભિયાન શરૂ થવાના ચોથા દિવસે એટલે કે આજે સેન્ટર બંધ રાખવાની ફરજ મનપાને પડી હતી. એટલું જ નહી આવતીકાલે પણ સેન્ટરો બંધ રાખવામાં આવશે એવી જાહેરાત મનપા દ્વારા કરવા છે. વેક્સિનેશન ઝુંબેશ અતર્ગત સુરત મનપા અને ખાનગી મળી કુલ ૧૩૨ સેન્ટરો પરથી ૧૮ વર્ષથી વધુ વયના લોકોને પ્રીકોસન ડોઝ અપાશે.

OMKARA
ASSETS RECONSTRUCTION Pvt. Ltd.

ઓમકારા એસેટસ રીકન્સ્ટ્રકશન પ્રા.લિ.
CIN:U67100TZ2014PTC020363
કોર્પોરેટ ઓફિસઃ સી/૫૧૫, કાનકિયા ઝિલીયોન, એલબીએસ રોડ અને સીએસટી રોડ જંકશન, બીકેસી એનેકસી, ઈકિવનોકસ નજીક કુર્લા (૫), મુંબઈ -૪૦૦૦૭૦
ટે.નં. : ૦૨૨-૨૬૫૪૪૦૦૦ /૯૭૭૩૪૦૬૧૭૫

પરીશિસ્ટ ૪-એ રૂલ ૮(૬) મુજબ

સ્થાવર મિલકતોના વેચાણ માટે વેચાણ નોટીસ

સિક્યુરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્સીયલ એસેટસ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ'' સકિયુરિટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ની સાથે સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ના રૂલ ૮(૬) મુજબ ઈ-ઓકશનથી સ્થાવર મિલકતના વેચાણ માટેની નોટીસ

આથી જનતાને તથા ખાસ દેવાદાર **મે.શિવમ સેલ્સ** અને સહદેવાદારો **શ્રી જયેશભાઈ બચુભાઈ ગજેરા અને શ્રીમતી કાંતાબેન જયેશભાઈ પટેલ** ને જણાવવામાં આવે છે કે નીચેના વર્ણનવાળી સ્થાવર મિલકત સલામત ધિરાણ આપનારાઓ પાસે ગીરો મુકવામાં આવી હતી.તેનો કબજો ઓમકારા એઆરસીના અધિકૃતઅધિકારીએ સલામત ધિરાણકર્તા તરીકે લીધો છે જેનું વેચાણ 'જયાં છે ત્યાં છે' જેમ છે તેમ છે' અને કોઈ વિકલ્પ નથીના ધોરણે **તા.૦૬/૦૮/૨૦૨૨ના રોજ સવારે ૧૧.૦૦ કલાકે(બીડ રજુ કરવાની છેલ્લી તારીખ ૦૫/૦૮/૨૦૨૨ના રોજ સાંજે ૦૬.૦૦ કલાક છે)** બાકી લેણી રકમ **રૂ.૧૮,૪૧,૨૫૮.૪૨/- (રૂપિયા અઢાર લાખ એકતાલીસ હજાર બસ્સો અઠ્ઠાવન અને બેતાલીસ પૈસા પુરા)** તા. ૨૨.૦૭.૨૦૨૦ સુધીના વત્તા વ્યાજ તથા અન્ય ખર્ચની વસુલાત માટે થશે.જે સલામત ધિરાણકાર મે.ઓમકારા એસેટસ રીકન્સ્ટ્રકશન પ્રાઈવેટ લિમીટેડના ઉપર જણાવેલા દેવાદાર અને સહદેવાદાર પાસેથી લેણા છે.

ધી ઓમકારા એસેટસ રીકન્સ્ટ્રકશન પ્રાઈવેટ લિમીટેડ(જે ઓમકારા પીએસ ૦૪/૨૦૨૦-૨૧ ટ્રસ્ટના ટ્રસ્ટી તરીકે કામ કરે છે) એ એડલવેઈઝ હાઉસિંગ ફાઈનાન્સ લિમીટેડ પાસેથી તેમના ઉપર જણાવેલ દેવાદારો/જામીનદારોની ગીરો મિલકતની તમામ બાકી લેણા વસુલવાના અધિકારો તા.૧૫/૦૬/૨૦૨૦ના રોજ કરેલા એસાઈન્મેન્ટ એગ્રીમેન્ટથી મેળવી લીધા છે.

સ્થાવર મિલકતોનું વર્ણન,અનામત કિંમત અને અર્નેસ્ટમની ડીપોઝીટ અને બોજો (જો હોય તો) ની જાણકારી નીચે મુજબ છે.

સ્થાવર મિલકતનું વર્ણન			
દુકાન નં.૧, ગ્રાઉન્ડ ફ્લોર, વિવેક રેસીડેન્સી, સ.નં.૧૮/૧, બ્લોક નં.૨૪, મોજે ગામ સણીયા હેમાદ ગામ, કડોદરા રોડ, સુરત.			
અનામત કિંમત	Rs.11,25,000/-	**ઈએમડી રકમ**	Rs.1,25,000/-
ઈ-ઓકશનની તારીખ : ૦૬/૦૮/૨૦૨૨ સવારે ૧૧.૦૦ થી બપોરે ૦૪.૦૦ સુધી			
નિરીક્ષણની તારીખ : ૩૦/૦૭/૨૦૨૨ના રોજ બપોરે ૦૧.૦૦ થી ૪.૦૦ દરમિયાન			
બોલી વધારાની ઓછામાં ઓછી રકમ : રૂ.૫૦,૦૦૦/- (રૂપિયા પચાસ હજાર પુરા)			
ભાગ લેવા માટેનો પત્ર/કેવાયસી દસ્તાવેજ/રહેઠાણનો પુરાવો અને ઈએમડી ભરી હોવાનો પુરાવો મોકલવાની છેલ્લી તારીખ : ૦૫/૦૮/૨૦૨૨ના રોજ સાંજે ૦૬.૦૦ કલાક સુધી			
જાણમાં હોય તેવો બોજો	જાણ નથી.		

આ જાહેરાતને દેવાદારો/સહદેવાદારોએ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ઠ) રૂલ્સ ૨૦૦૨ના રૂલ ૮(૬) મુજબની ૧૫ દિવસ અગાઉની વૈધાનિક નોટીસ ગણવી.

વેચાણના વધુ નિયમો અને શરતો જાણવા માટે સલામત ધિરાણ કરનારની વેબસાઈટ http://omkaraarc.com/auction.php **બીડર આ વેબ સાઈટની પણ મુલાકાત લઈ શકશે** http://bankeauction.com **અથવા સર્વિસ પ્રોવાઈડર મે.સી વન ઈન્ડિયા પ્રા.લિ. ટેલીફોન હેલ્પલાઈન +૯૧-૭૨૯૧૯૮૧૧૨૪/૨૫/૨૬ હેલ્પ લાઈન ઈ મેલ આઈડી** support@bankeauctions.com **શ્રી હરેશ ગોવડા મો.નં.૯૫૯૪૫૯૭૫૫ ઈમેલ :** hareesh.gowda@c1india.com

સહી/ અધિકૃત અધિકારી ,
તા.૧૮-૦૭-૨૦૨૨ **ઓમકારા એસેટસ રીકન્સ્ટ્રકશન પ્રા.લિ.**
સ્થળઃ મુંબઈ **(જે ઓમકારા પીએસ ૦૪/૨૦૨૦-૨૧ ટ્રસ્ટના ટ્રસ્ટી તરીકે કામ કરે છે.)**

इंडियन बैंक Indian Bank
इलाहाबाद ALLAHABAD

સલાબતપુરા (નાનપુરા શાખા),
સલાબતપુરા, દુકાન નં.૪, ટ્રેડ હાઉસ, ગ્રાઉન્ડફ્લોર, રીંગ રોડ, સુરત.

કબજા નોટિસ (સ્થાવર મિલકત માટે)

આથી, અમો નીચે સહી કરનારા, સીકયુરીટાઈઝેશન અને રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સીયલ એસેટસ અને એન્ફોર્સમેન્ટ સીકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ, ૨૦૦૨ ની જોગવાઈ હેઠળ ઈંડિયન બેંક (ઈ-અલ્હા. નાનપુરા), સુરત ના અધિકૃત અધિકારી છીએ અને મજકુર કાયદાના સેકશન ૧૩(૧૨) નિયમ ૩ સાથે વાંચતા અને સીકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમ ૨૦૦૨ અતંર્ગત મળેલી સત્તાની રૂએ,તારીખ ૩૦/૦૧/૨૦૨૦ ના રોજ કરજદાર/ભાગીદારો/મોર્ગેજર્સ/જામીનદારો મેસર્સ કાનન ફેબ્રીક (ભાગીદારી પેઢી/કરજદાર), શ્રી રમેશભાઈ મનજીભાઈ પટેલ (ભાગીદાર/જામીનદાર),શ્રી ચંદ્રેશભાઈ મનજીભાઈ ઈટાલિયા (ભાગીદાર/જામીનદાર/મોર્ગેજર),શ્રી જનકભાઈ ડાયાભાઈ કાકડીયા (ભાગીદાર/જામીનદાર), અને શ્રી અશોકભાઈ મનજીભાઈ ઈટાલિયા (જામીનદાર/મોર્ગેજર) ને ડિમાન્ડ નોટિસ પાઠવી હતી. સદર નોટીસ દર્શાવેલી રકમ રૂા.૨,૬૫,૫૭,૧૯૨/- (રૂપિયા બે કરોડ પાસઠ લાખ સત્તાવન હજાર એકસો બાણું પુરા)જે ૨૯/૦૧/૨૦૨૦ ના રોજ બાકી + વધારાના વ્યાજ અને અન્ય ખર્ચાઓ સહિત, સદરહુ નોટીસ મળ્યાની તારીખથી ૬૦ દિવસમાં પરત ચુકવવા જણાવ્યું હતું.

કરજદાર/જામીનદાર નાણાં ભરપાઈ કરવામાં નિષ્ફળ ગયા હોઈ, કરજદારો અને જામીનદારો તથા જાહેર જનતાને નોટીસ આપવામાં આવે છે કે ઉપરોકત એકટના સેકશન ૧૩(૪) રૂલ્સ ૮ સાથે વંચાણે લઈને, મળતાં અધિકારની રૂએ, બેંકના અધિકૃત અધિકારીએ નીચે દર્શાવેલ સ્થાવર મિલકતનો કબજો તારીખ ૧૬/૦૭/૨૦૨૨ ના રોજ સંભાળી લીધેલ છે.

આથી ખાસ કરીને કરજદાર તથા જાહેર જનતાને ચેતવણી આપવામાં આવે છે, કે તે મિલ્કતો ઉપર કોઈપણ જાતનો વ્યવહાર કરવો કે કરાવવો નહિ કે લે-વેચ કરવી નહિ કે હસ્તાંતર કરવો નહિ તથા જો એવું કરવામાં આવશે તો તે ઈંડિયન બેંક (ઈ-અલ્હા. નાનપુરા),માટે બાકી પડતી રકમ રૂા.૨,૬૫,૫૭,૧૯૨/-(રૂપિયા બે કરોડ પાસઠ લાખ સત્તાવન હજાર એકસો બાણું પુરા) જે ૨૯/૦૧/૨૦૨૦ ના રોજ બાકી અને ભવિષ્યના વ્યાજ અને ખર્ચાઓ સહિતની બાકી રકમના બોજાને આધિન રહેશે.

અહી કરજદારનું ધ્યાન આકૃષ્ટ કરવામાં આવે છે, કે જણાવેલ સમય મર્યાદામાં સેકશન ૧૩ના સબ સેકશન (૮) હેઠળ તમો તમારી સુરક્ષિત મિલકતોને બાકી લેણા ભરપાઈ કરી પાછી મેળવી શકો છો.

સ્થાવર મિલકતનું વર્ણન

તમામ ભાગ અને હિસ્સો ધરાવતી મિલકત જે સ્થિત પ્લોટ નં. ૧૪, ''ગુરૂકૃપા સોસાયટી'' આદર્શ સોસાયટી પાછળ, લક્ષ્મીકાંત આશ્રમ પાસે, રે.સ. નં. ૧૬૫/૩, ટી.પી.એસ. નં. ૧૯ (કતારગામ), ફા.પ્લોટ. નં. ૩૭, મોજે. કતારગામ, સબ જીઃ સુરત, જીલ્લોઃ સુરત જે શ્રી ચંદ્રેશભાઈ મનજીભાઈ ઈટાલિયા અને શ્રી અશોકભાઈ મનજીભાઈ ઈટાલિયા ના નામની છે. આ મિલકતની ચતુઃદિશા : ઉત્તરે : પ્લોટ નં. ૧૫, દક્ષિણે : સી.ઓ.પી., પૂર્વે : પ્લોટ નં. ૧૩ અને રસ્તો, પશ્ચિમે : ફા.પ્લોટ. નં. ૩૬.

તારીખ : ૧૬/૦૭/૨૦૨૨ **અધિકૃત અધિકારી,**
સ્થળ : સુરત **ઈંડિયન બેંક (ઈ-અલ્હા. નાનપુરા), સુરત.**

ડીંડોલીમાં વૃદ્ધા નવમાં માળેથી પટકાતાં કરુણ મોત

સુરત, તા.૧૮

ડીંડોલી ખાતે રહેતા જમાઈના ઘરે મહારાષ્ટ્રથી આવેલી વૃધ્ધા ડીંડોલીના નવમા માળે ગેલેરીમાંથી ભેદી સંજોગોમાં પટકાતા મોત નિપજ્યું હતું.

મહારાષ્ટ્રા ખાતે રહેતા 80 વર્ષિય મુક્તાબેન વિષ્ણુભાઈ સોનવણેની દીકરી સરતના ડીંડોલી ખાતે સુમન કેશવ આવાસમાં રહેતી હતી. આઠ માસ પહેલા મુક્તાબેન તેમની દિકરીના ઘરે રહેવા માટે આવ્યા હતા. દરમિયાન આજે બપોરના સમયે તેઓની દીકરી નોકરી પર ગઈ હતી. અને જમાઈ ઘરી નીચે ચલાવતા પાનના ગલ્લા ઉપર હતા. મુક્તાબેન એકલા હોય ઘરના નવમાં માળના ગેલેરીમાથી ભેદી સંજોગોમાં નીચે પટકાતા ગંભીર ઈજાને પગલે તેમનું મોત નીપજ્યું હતું. બનાવને પગલે પોલીસ અકસ્માત મોતનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે.

બોર્ડની પુરક પરીક્ષામાં વલસાડમાં એક કોપી કેસ, એક ડમી ઉમેદવાર ઝડપાયો

અમદાવાદ, તા.૧૮

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આજરોજ ધોરણ 10 અને ધોરણ 12 માટે પૂરક પરીક્ષા લેવામાં આવી હતી. બોર્ડના સત્તાવાર સૂત્રોના જણાવ્યા અનુસાર, જુલાઈ, 2022ની ધોરણ 10ની પૂરક પરીક્ષાના પ્રથમ સેશનમાં બેઝિક ગણિત વિષયની પરીક્ષામાં કુલ 97006 પરીક્ષાર્થીઓ પૈકી 82807 પરીક્ષાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. જ્યારે માર્ચ, 2022ની ધોરણ 12 વિજ્ઞાન પ્રવાહની પૂરક પરીક્ષાના પ્રથમ સેશનમાં ગણિત વિષયની પરીક્ષા લેવામાં આવી હતી જેમાં કુલ 954 પરીક્ષાર્થીઓ પૈકી કુલ 813 પરીક્ષાર્થીઓ હાજર રહ્યા હતા. નોંધનીય છે કે, ધોરણ 10ના સવારના સેશનમાં બેઝિક ગણિત વિષયમાં વલસાડ કેન્દ્ર ખાતે એક કોપી કેસ અને એક ડમી કેસ નોંધાયો હતો.

બીજા સેશનમાં ધોરણ 12 વિજ્ઞાન પ્રવાહના જીવ વિજ્ઞાન વિષયમાં કુલ 938 પરીક્ષાર્થીઓ પૈકી 743 પરીક્ષાર્થીઓએ પરીક્ષા આપી હતી જ્યારે ધોરણ 10ના ગુજરાતી (પ્રથમ ભાષા) તથા અન્ય પ્રથમ ભાષા વિષયોની પરીક્ષા લેવામાં આવી હતી જેમાં કુલ 10279 પરીક્ષાર્થીઓ પૈકી કુલ 9239 પરીક્ષાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

જાહેર સમન્સ

મહેરબાન સુરતના સ્મોલકોઝ કોર્ટના જજ સાહેબની કોર્ટમાં
રૂમ નંબર. ૭૧૬, સાતમાં માળે, ન્યુ કોર્ટ બિલ્ડીંગ, અઠવાલાઈન્સ, સુરત.
સ્મોલ મની સ્યુટ નં. ૫૬/૨૦૧૫

વાદીઃ ઈન્ડીયન ઓવરસીઝ બેંક, મુખ્ય શાખા,
ઠેકાણુંઃ બી.એસ.એન.એલ, એકસચેન્જ, શ્રીજી આર્કેડ પાસે,આનંદ મહેલ રોડ, અડાજણ, સુરત

વિરૂધ્ધ

પ્રતિવાદીઃ સીતારામ રમેશ ધોલારે,
રહેવાસીઃ ૧૧૨૧, આંબેડકર નગર, ઝુપડપટ્ટી, પાલનપુર જકાતનાકા પાસે,
જાહાંગીરપુરા-રાંદેર રોડ, સુરત-૩૯૫૦૦૯.

તમો પ્રતિવાદીને આથી જણાવવામાં આવે છે કે, વાદીએ તમારી વિરૂધ્ધ રૂા. ૧,૧૩,૮૧૭.૧૨/- ની રકમ વ્યાજ સહિત વસૂલ મેળવવા માટે અત્રેની કોર્ટમાં દાવો કરેલ છે જે અંગેના સમન્સ તમો પ્રતિવાદીને દાવામાં જણાવેલ તમારા સરનામે, તમો મળી આવતા નહી હોવાથી બજાવી શકાયેલ નથી આથી આ જાહેર સમન્સ થકી તમોને જણાવવામાં આવે છે કે તારીખ ૨૬ માહે ઓગસ્ટ સને ૨૦૨૨ ના રોજ સવારે ૧૧.૦૦ કલાકે આ દાવાનો જવાબ આપવા આ ન્યાયાલયમાં તમારે જાતે અથવા વકીલ મારફતે હાજર થવું.

જો ઉપર જણાવેલ દિવસે તમો ન્યાયાલયમાં હાજર નહિ થાવો તો તમારી ગેરહાજરીમાં આ દાવાની સુનાવણી કરીને તેનો નિકાલ કરવામાં આવશે.

આજ તારીખ ૧૨ મી માહે જુલાઈ સને ૨૦૨૨ ના રોજ કોર્ટનો સિક્કો તથા સહી કરી આપી.

તૈયાર કરનાર
આસીસ્ટન્ટ

મુકાબલ કરનાર
(વાય.એસ. પંડ્યા)
સુપ્રિટેન્ડન્ટ

Seal

હુકમથી
(આર.કે.પરમાર)
રજીસ્ટ્રાર, સ્મોલકોઝ કોર્ટ, સુરત

सेन्ट बैंक होम फायनेन्स लिमिटेड
Cent Bank Home Finance Limited
Registered Office : Bhopal **Corporate Office : Mumbai**
सेन्ट्रल बैंक ऑफ इण्डिया की अनुषंगी Subsidiary of Central Bank of India

કબજા નોટીસનિયમ ૮(૧) મુજબ (સ્થાવર મિલકત માટે)

આથી નીચે સહી કરનાર **સેન્ટ બેંક હોમ ફાઈનાન્સ લિમીટેડ વડોદરા શાખા**ના અધિકૃત અધિકારીને સિક્યુરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્સીયલ એસેટસ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ (એક્ટ) સાથે વંચાણે લેતા સેકશન ૧૩(૧૨) સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ (રૂલ્સ) ના રૂલ ૩ અંતર્ગત પ્રાપ્તઅધિકારો મુજબ નીચે જણાવેલી તારીખે જારી કરાયેલી વિગતવાર ડિમાન્ડ નોટીસ નીચે જણાવેલ દેવાદારોને મોકલવામાં આવી હતી જે મુજબ તેમણે **નોટીસની તારીખથી ૬૦ દિવસમાં બાકી લેણી રકમ સેન્ટ બેંક હોમ ફાઈનાન્સ લિમીટેડ સુરત શાખા**ને ચુકવી દેવાની હતી.

દેવાદાર એમ કરવામાં નિષ્ફળ નિવડયા હોઈ દેવાદારોને ખાસ તથા **જાહેર જનતા**ને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે **નીચે જણાવેલી મિલકતનો વાસ્તવિક કબજો** નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ તેમને એકટના ખંડ ૧૩(૪) અને કથિત રૂલ્સના રૂલ ૮ હેઠળ મળેલા અધિકાર મુજબ લીધો છે. ખાસ દેવાદારો/જામીનદારો અને જાહેર જનતાને ચેતવણી આપવામાં આવે છે કે સદર મિલકતો ઉપર **સેન્ટ બેંક હોમ ફાઈનાન્સ લિમીટેડ વડોદરા શાખા**ના અધિકારો નીચે જણાવેલ બાકી લેણી રકમ તથા ત્યારબાદના ચડત વ્યાજ અને ખર્ચ તથા ચાર્જિસની રકમ સામે છે જેથી એનો કોઈ પણ રીતે સોદો કરી શકાશે નહીં. વધારાનું વ્યાજ, દંડનું વ્યાજ, ખર્ચ, કિંમત વગેરે નોટીસની તારીખથી ગણાશે.

અ. નં.	દેવાદાર નું નામ	ગીરવે મુકવામાં આવેલી મિલકતનું વર્ણન	નોટીસની તારીખ કબજાની તારીખ	નોટીસની લેણી નીકળતી રકમ
1.	**શ્રી શિવપુંજન રમાપતિ ગીરી અનેશ્રીમતી સુમન શિવપુંજન ગીરી ખાતા નં. ૦૧૬૦૨૩૨૦૦૦૦૦૦૭**	તમામ ખંડ અને અખંડિત ભાગની બનેલી કથિત સ્થાવર મિલકત ફલેટ નં.૨૦૧, બીજા માળે, યોગીરાજ રેસીડેન્સી કમ પ્લાઝા, યશ કોમ્પલેક્ષની સામે, ગોત્રી રોડ, વડોદરા-૩૯૦૦૨૧ **ચતુઃસીમા :પૂર્વેઃ** ફલેટ નં.૨૦૪, **પશ્ચિમેઃ** યોગીરાજ રેસીડેન્સી, **ઉત્તરેઃ** ફલેટ નં.૨૦૨, **દક્ષિણે :** ખુલ્લી જગ્યા	12.04.2022 13.07.2022 (સાંકેતિક)	₹ 24,84,631.00 + લાગુ વ્યાજ + અન્ય લાગુ ખર્ચા
2.	**શ્રીમતી ઉર્મિલાબેન સોલંકી અને શ્રી મોહનભાઈ રાયજીભાઈ સોલંકી ખાતા નં. ૦૧૬૦૨૩૦૦૦૦૦૧૬૭**	તમામ ખંડ અને અખંડિત ભાગની બનેલી કથિત સ્થાવર મિલકત ફ્લેટ નં.૪૦૩, ટાવર 'એચ', વેદાંત વિશ્રામ, જીઈબી સબ સ્ટેશનની બાજુમાં, જાંબુવા, વડોદરા-૩૯૦૦૧૩ **ચતુઃસીમા : પૂર્વેઃ** ૭.૫ મી.નો આંતરીક રોડ, **પશ્ચિમેઃ** કોમન લીફ્ટ, **ઉત્તરેઃ** બિલ્ડીંગનું માર્જિન, **દક્ષિણે :** ટાવર એચ-ફ્લેટ નં.૪૦૪	12.04.2022 13.07.2022 (સાંકેતિક)	₹ 10,54,505.00 + લાગુ વ્યાજ + અન્ય લાગુ ખર્ચા
3.	**શ્રી પ્રેમબહાદુર શ્રીલાલ ગોરખા અને કુ.મધુ પ્રેમબહાદુર થાપા-શ્રીમતી શકુંતલા પી.થાપા(ગોરખા) ખાતા નં. ૦૧૬૦૩૦૧૦૦૦૦૦૩૭**	તમામ ખંડ અને અખંડિત ભાગની બનેલી કથિત સ્થાવર મિલકત પ્લોટ નં.સી-૩૯, અવંતિ પાર્ક સોસા., હેવી વોટર ટેંક રોડ, દંતેશ્વર, વડોદરા-૩૯૦૦૦૪ **ચતુઃસીમા : પૂર્વેઃ** પ્લોટ નં.૪૨, **પશ્ચિમેઃ** આંતરીક રોડ, **ઉત્તરેઃ** પ્લોટ નં.૬૮, **દક્ષિણે :** કોમન પ્લોટ	12.11.2021 13.07.2022 (સાંકેતિક)	₹ 17,16,690.00 + લાગુ વ્યાજ + અન્ય લાગુ ખર્ચા

સ્થળ : વડોદરા , તા.૧૮.૦૭.૨૦૨૨ અધિકૃત અધિકારી, **સેન્ટ બેંક હોમ ફાઈનાન્સ લિમીટેડ, વડોદરા**

વડોદરા શાખા : પહેલા માળે, ૧૨૨-૧૨૩, કાન્હા કેપિટલ,એક્સપ્રેસ હોટેલની સામે, આર.સી.દત્ત રોડ, અલકાપુરી, વડોદરા -૩૯૦૦૦૭
નોંધ : વિવાદની સ્થિતિમાં આ નોટીસનો અંગ્રેજી અનુવાદ માન્ય ગણાશે.

નશીલા એમ.ડી. ડ્રગ્સના ધંધામાં સંડોવાયેલા રાંદેરનો ઈસ્માઈલ ગુર્જર આખરે ઝડપાઈ ગયો

ક્રાઈમ બ્રાંચે છાપો મારતા કોઝ-વેના વિયરમાં કુદી પડ્યો, પરંતુ પોલીસે બોટમાં પીછો કરીને ઝાડીમાંથી ઝડપી પાડ્યો

સુરત, તા.૧૮

પૂણા વિસ્તારમાંથી એક મહિના અગાઉ પકડાયેલા એમ.ડી.ડ્રગ્સના કેસમાં વોન્ટેડ ઈસ્માઈલ ગુર્જરને આજે ક્રાઈમ બ્રાંચની ટીમે તાપી નદીના પટ માંથી ઝડપી લીધો હતો પોલીસને જોઈને તે નદીમાં કુદી પડ્યો હતો અને નદીના કિનારે ઝાડીમાં છુપાઈ ગયો હતો.

આ અંગે જાણવા મળતી વિગતો મુજબ,ગઈ તારીખ ૨૬.૬.ના રોજ મુંબઈ ખાતેથી મોટી માત્રામાં એમ.ડી.ડ્રગ્સનો જથ્થો કારમાં લાવીને સુરતમાં અલગ અલગ જગ્યાએ વેચાણ કરવા આવેલા ઈબ્રાહીમ હુસેન ઓડિયાઅને તેની પત્નીને એસ.ઓ.જી.ની ટીમે રૂ.૩૯ લાખની કીમતના એમ.ડી. ડ્રગ્સ સાથે ઝડપી લીધા હતા. જેતે સમયે રાંદેરના ઈસ્માઈલ ગુર્જરનું નામ ખુલ્યું હતું. દરમીયાન આજે ક્રાઈમ બ્રાંચની ટીમને એવી બાતમી મળી હતી કે ઈસ્માઈલ ગુર્જર રાંદેર વિયર કમ કોઝવે પાસે નદી કિનારે પાળા પાસે ફરી રહ્યો છે જેને આધારે ક્રાઈમ બ્રાંચની ટીમ નદી કિનારે પાળા પાસે પહોચી હતી ત્યારે પોલીસને જોઈને ઈસ્માઈલ ગુર્જર નદીમાં કુદી પડ્યો હતો અને તરીને કિનારે પહોચીને ઝાડી ઝાંખરામાં છુપાઈ ગયો હતો.પોલીસટીમ બોટ લઈને પહોચી હતી અને નદી કિનારે ઝાડીમાં છુપાઈ ગયેલા ઈસ્માઈલ ગુર્જરને ઝડપી લીધો હતો.છેલ્લા ઘણા સમયથી તે પોલીસથી બચવા માટે આરીતે અલગ અલગ જગ્યાએ છુપાઈ જતો હતો.

--::: જાહેર ચેતવણી :::--

અમો નીચે સહી કરનાર **ભાવનાબેન ચંદુભાઇ વસાવા** આથી જાહેર ચેતવણી આપી જણાવીએ છીએ કે આ ફોટાવાળો અમારો પુત્ર **હિતેશ ચંદુભાઇ વસાવા** રહે. ૨૧૮, અટલજીનગર ઝુપડપટ્ટી, એ.કે.રોડ, સુરત.. ના ઓ અમારો પુત્ર છેલ્લા ઘણા સમયથી અમારા કહ્યામાં ન હોય અને અમારાથી અલગ થઇ ગયેલ છે અને અલગ ધંધો કરે છે અમારી સાથે કોઇપણ આર્થિક, સામાજીક વ્યવહારો છે નહીં કે રાખેલ નથી અને તેનો અમારી મિલકતમાં કોઇ લાગભાગ હક્ક હિસ્સો છે નહીં તેની સાથે અમારે કોઇપણ જાતના વ્યવહારો છે નહીં, જેથી તેની સાથે કોઇપણ વ્યક્તિ, સંસ્થા કે બેંક એ પૈસાની લેતી દેતી કે આર્થિક કે સામાજીક વ્યવહાર કરવો નહીં. તેમ છતા કોઇ વ્યક્તિ કે સંસ્થા કે બેંક એ પૈસાની લેતી દેતી કે આર્થિક કે સામાજીક વ્યવહાર કરશે તો તેની વ્યક્તિગત જવાબદારી તેની રહેશે. અમારી પુત્રને અમારા મિલકતમાંથી બેદખલ કરેલ છે. તેની લાગતા વળગતાએ તેમજ જાહેર જનતાએ નોંધ લેવી.

અમારા તરફથી
ભાવનાબેન ચંદુભાઇ વસાવા

મારી મારફત : મુકુંન્દ વી.રામાણી (વકીલ)
ઓ.એડ્રેસઃ ૩૦૧, નિલકંઠ પ્લાઝા, કિરણ ચોક, પુણાગામ,સુરત. મો.૯૯૧૩૬ ૫૪૭૦૯

જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તમામ જાહેર જનતાને જણાવવાનું કે, ડીસ્ટ્રીક્ટ સુરત, સબ-ડીસ્ટ્રીક્ટ તથા તાલુકો **માંગરોલ**ના મોજે **ગામ વાલેસા**ના નવો બ્લોક નં. ૧૪૭, જુનો **બ્લોક/સર્વે નં. ૧૫૩**, વાળી જુની શરતની (બીન ખેતીના હેતુ માટે પ્રિમીયમને પાત્ર) જમીન કે જેનું કુલ ક્ષેત્રફળ હે.આરે. ૦-૦૩-૬૬ ચો.મી. છે. જેના આકાર રૂપિયા ૦.૬૪ પૈસા, તથા ડીસ્ટ્રીક્ટ સુરત, સબ-ડીસ્ટ્રીક્ટ તથા તાલુકો **માંગરોલ**ના મોજે **ગામ વાલેસા**ના નવો બ્લોક નં. ૧૪૮, જુનો **બ્લોક/સર્વે નં. ૧૫૨**, વાળી જુની શરતની ખેડખાતાની (કયારીની) પિયત જમીન કે જેનું કુલ ક્ષેત્રફળ હે.આરે. ૦-૦૬-૯૪ ચો.મી. છે. જેના આકાર રૂપિયા ૧.૨૯ પૈસા, વાલી બન્ને જમીનના માલીક **પ્રવિણભાઈ નારણભાઈ પરમાર** પાસેથી અમારા અસીલે વેચાણથી ખરીદ કરવાનું નક્કી કરેલ છે. અને ટુંક સમયમાં વેચાણનો પુરેપુરો અવેજ સ્વીકારી તેનો વેચાણ દસ્તાવેજ કરી કરાવી લેનાર છીએ. જેથી મજકુર જમીનના ટાઈટલ સંબધે કોઈના પણ હક્ક દાવાઓ કે હીત સંબધે તકરાર હોય તેમણે આ નોટીસ પ્રસિદ્ધ થયે **દિન-૧૫**માં જરૂરી દસ્તાવેજી પુરાવાઓ સહીત રૂબરૂ મળી ખાત્રી કરાવી જવી. મુદ્દત વીત્યે હરકોઈ પ્રકારના હક્ક દાવો કે તકરાર જતા કર્યા છે. તેમ માની બન્ને જમીનનો રજી. વેચાણ દસ્તાવેજ અમારા અસીલ કરાવી લેશે. ત્યારબાદ કોઈ પ્રકારની તર-તકરાર કે વાંધા-વિરોધ ચાલશે નહી. જેની સર્વેએ નોંધ લેવી.

અમારા અસીલની સુચનાથી અમારી મારફતે :-
નીલેશકુમાર જે. કાપડીયા
એડવોકેટ & નોટરી
ઠે.: ૪૪૨, અવધ વાઈસરોય, સરથાણા, જકાતનાકા, ડી-માર્ટની બાજુમાં, સુરત.

જાહેર નોટીસ/ સમન્સ નાયબ કલેકટર અને સબડીવીઝનલ મેજીસ્ટ્રેટ, વાંસદાની કોર્ટમાં

અરજદાર : દાજીભાઇ કુથિયાભાઇ પટેલ **જન્મ મરણ નોંધણી અરજી નં.૬૬/૨૦૨૨**
રહે.: ઝરી,સુસવાડ ફળીયા, તા.વાંસદા,જી.નવસારી

વિરુધ્ધ

સામાવાળાઃ (૧) તલાટી કમ મંત્રીશ્રી ગ્રામ પંચાયત કચેરી,દોલધા, તા.વાંસદા,જી.નવસારી.
(૨) મામલતદારશ્રી મામતલદાર કચેરી, વાંસદા, તા.વાંસદા,જી.નવસારી

આ કામના અરજદારશ્રી દાજીભાઇ કુથિયાભાઇ પટેલ રહે. ઝરી,(સુસવાડ ફળીયા),તા.વાંસદા જી.નવસારીનો જન્મ મોજે.દોલધા, તા.વાંસદા, જી.નવસારી મુકામે તા.૦૪/૦૬/૧૯૩૯નાં રોજ થયેલ હોવાનું જણાવી તેમના જન્મની નોંધણી સામાવાળા સમક્ષ થયેલી નહીં હોવાથી સામાવાળાને નોંધણી કરવા હુકમ મેળવવા બાબતે આધાર પુરાવા સહિત અત્રે અરજ ગુજારેલી છે. સબબ આથી લાગતા વળગતા તમામને આ જાહેર નોટીસ/સમન્સથી જાણ કરવામાં આવે છે કે સદર કામે અરજદારની અરજી સામે કોઇના કોઇપણ જાતના વાંધા વિરોધ અગર તકરાર હોય તો રજુ કરવા આ નોટીસની પ્રસિધ્ધિ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં કચેરી સમય દરમિયાન જાતે અથવા યોગ્ય રીતે માહિતગાર વકીલ મારફતે આધાર પુરાવા સાથે લેખિત રજુઆત સહિત હાજર થઇ રજુ કરવું. નિર્દિષ્ટ સમયમર્યાદામાં કોઇ વાધા રજુ કરવામાં નહી આવશે તો અરજી સંદર્ભે આગળની કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. જેની નોંધ લેવી.

તા.૨૭/૦૬/૨૦૨૨
સ્થળઃ વાંસદા

કોર્ટનો સિક્કો

(પી.એલ.વિઠાણી)
સબ ડિવીઝનલ મેજીસ્ટ્રેટ
વાંસદા

જાહેર નોટીશ તથા ચેતવણી

આથી હમો હર્ષદકુમાર ઈશ્વરલાલ નાયક, વ્યવસાયે - એડવોકેટ તથા નોટરી રહેવાસી - ફ્લેટ નંબર ૧૦૧, પ્રથમ માળ, સાન્નીધ્ય એપાર્ટમેન્ટ, આશાનગર, નવસારી - ૩૯૬૪૪૫, મોબાઈલ નં.: ૯૮૨૫૨૫૪૫૫૦ હમારા ઓફીસના રેકોર્ડસ હમારા ઓફીસેથી હમારા ઘરે ટ્રાન્સફર કરવાની પ્રક્રીયા કરી રહ્યા હતા તે દરમીયાન હમારી પાસેના નોટરી રજીસ્ટરો પૈકીનું રજીસ્ટર નંબર-૩ સને ૨૦૦૧ નું રેકોર્ડ અમારી ઓફીસ થી નવસારી આશા નગર જવાના રસ્તા ઉપર ક્યાંક પડી ગયેલ હોય તે શોધવાનો ખૂબ પ્રયત્ન કરેલ. પરંતુ તે મળી આવેલ નથી એટલે કે તે ગુમ થયેલ છે. જે સમગ્ર રેકોર્ડ ઉપરોક્ત રીતે ક્યાંક ગુમ થયેલ છે. તે ખુબજ અગત્યનો અને કાયમી પ્રકારનો રેકોર્ડ હોય તે અંગે શોધખોળ કરવા છતાં મળી ન આવતા હાલની આ નોટીશ થકી જાણ કરવાની કે ઉપરોક્ત રજીસ્ટર અગર કોઈને મળી આવે તો હમો સહી કરનારે ઉપર જણાવેલ સરનામે સુપ્રત કરવું તથા તે રજીસ્ટરનો કોઈ દુરઉપયોગ કરવો નહીં. અને જો કોઈ દુરઉપયોગ કરે/કરાવે કે કરતા માલુમ પડશે તો તે ગેરકાયદેસર કૃત્ય ઠરશે અને તેની સંપુર્ણ જવાબદારી જે તે દુર-ઉપયોગ કરનારની રહેશે જેની લગતા-વળગતા તમામે સખત નોંધ લેવી.

સ્થળઃ નવસારી,
તા. ૧૮-૦૭-૨૦૨૨ **હર્ષદકુમાર ઈશ્વરલાલ નાયક (એડવોકેટ એન્ડ નોટરી)**
મુ.પો. વેડછા (પ.રેલ્વે), વાડી સ્ટ્રીટ, તા. જલાલપોર, જી. નવસારી. ગુજરાત, ભારત. મો.: ૯૮૨૫૨૫૪૫૫૦

-: ટાઇટલ અંગેની જાહેર નોટીસ :-

આથી તમામ લાગતા વળગતાઓને જણાવવાનું કે સુરત ડીસ્ટ્રીકટ, સબ-ડી. સુરત સીટી મોજે ગામ વેસુ ના રે.સ.નં. ૪૮૮,રી.સર્વે નં. ૨૮૨, ટી.પી.સ્કીમ નં.૬ (વેસુ) જુનો એફ.પી. નં.૩૧ નવો એફ.પી. નં.૪૭ પૈકી પશ્ચીમ તરફની જમીનમાં આયોજીત "શિવકૃપા રેસીડન્સીમાં"માં આવેલ પ્લોટ નં. ૨૩ કે જેનું ક્ષેત્રફળ ૧૬૮.૦૫ ચો.મી. વાળી મિલકત હાલ પરેશકુમાર વસંતલાલ કાચીવાલા, ચેતનકુમાર વસંતલાલ કાચીવાલા તથા ગીતાબેન નંદકિશોર કાચીવાલાના નામે ચાલે છે. તેમણે સદર મિલકત ૧. નિતીન ઘનશ્યામભાઈ બદ્રેશિયા, ૨.જાહનવી નિતીન બદ્રેશિયા તથા ૩. રંજનબેન ઘનશ્યામભાઈ પટેલનાઓને વેચાણથી આપવાનું નકકી કરેલ છે. અને તેઓએ અમારી પાસેથી ટાઈટલ કલીયરન્સ રીપોર્ટની માંગણી કરી જણાવેલ છે કે નીચે વિગતના અસલ દસ્તાવેજ વેચનાર પાસેથી ગુમ થઈ ગયેલ છે. સદર મિલકત બાબતે કોઈને કોઈપણ પ્રકારનો હકક-હિસ્સો કે ચાર્જ-બોજો, વાંધા-વિરોધ વગેરે હોય તો સદર નોટીસ પ્રસીદ્દ થયે **દીન-૭** માં વાંધા તથા દસ્તાવેજી પુરાવાઓ સાથે અમોને જાણ કરવી. અન્યથા સદરહુ મિલકતમાં હીત ધરાવનારાઓએ સદર મિલકત પરત્વેના પોતાના તમામ હકક-અધીકારો જતા કરેલા છે. એમ માનીને અમો ટાઈટલ સર્ટીફીકેટ ઇસ્યુ કરીશું. ત્યારબાદ કોઇની કોઈપણ જાતની તર-તકરાર ચાલશે નહી. જેની સર્વેએ નોંધ લેવી.

-:: ગુમ થયેલ દસ્તાવેજની વિગત ::-

૧. અસલ રજી. વેચાણ દસ્તાવેજ નં. ૧૦૫૪ તા. ૦૩/૦૨/૨૦૦૪ તથા તેની અસલ રજીસ્ટ્રેશન રસીદ
૨. અસલ રજી. વેચાણ દસ્તાવેજ . ૯૭૧૬ તા. ૨૭/૦૨/૨૦૦૭ તથા તેની અસલ રજીસ્ટ્રેશન રસીદ
૩. અસલ રજીસ્ટ્રેશન રસીદ વેચાણ દસ્તાવેજ નં. ૩૪૫૧ તા. ૦૪/૦૩/૨૦૧૧ ની

એડ્રેસઃ ૧૧૩, જલ દર્શન ટાવર, બહુમાળી પાસે, નાવડી ઓવારા સામે, નાનપુરા, સુરત.મો. ૯૯૦૯૭ ૮૧૪૯૧

મનોજ ડી. તારપરા
(એડવોકેટ)

ટાઈટલ કલીયર અંગેની જાહેર નોટિસ

આથી લાગતા વળગતા તમામને જણાવવાનું કે **શ્રી દલસુખભાઈ ગોરધનભાઈ સતાણી** તથા **હસમુખભાઈ ખીમજીભાઈ સતાણીએ** સુરત ડીસ્ટ્રકટ, સબ-ડીસ્ટ્રીકટ તથા તાલુકો સુરત સીટી (હાલ પુણા)ના **મોજે ગામ કાપોદ્રાના રે.સ.નં. ૩૧/અ/૧, બ્લોક નં. ૧/બી તથા ૨/બી**, જેને લાગી **ટી.પી.સ્કીમ નં. ૨૦** વાળી બીનખેતીની જમીનમાં ઔદ્યોગીકના હેતુ માટે **''સિદ્ધકુટીર ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ''**નું આયોજન કરવામાં આવેલ જેમાં આવેલ પ્લોટો પૈકી **પ્લોટ નં. ૨૦** વાળી મીલકત તેઓના કબજા ભોગવટા અને માલીકીપણામાં ચાલતી હોવાનું જણાવી સદરહુ મીલકતનો ટાઈટલ કલીયરન્સ રીપોર્ટ હમે કનેથી માંગણી કરેલ છે. પરંતુ સદરહુ મીલકત હમારા અસીલ બેંકમાં મોર્ગેજમાં મુકી નાણાકીય સવલતો મેળવવાનું નકકી કર્યુ છે. પરંતુ સદરહુ મીલકતના અસલ દસ્તાવેજો પૈકી વેચાણ **દસ્તાવેજ નં. ૪૭૧૧ તા.૧૩/૦૫/૧૯૮૩ની** રજીસ્ટ્રેશનની અસલ પાવતી **(આર.આર.)** તેમના કબજા ભોગવટામાંથી ગેરવલ્લે થાને ગુમ થયેલ છે. જેથી સદરહુ મીલકત બાબતે કોઈપણ પ્રકારનો વાંધા, તર-તકરાર હોય યા કોઈના લાગભાગ, હકક, હિસ્સો, હિત સંબંધ હોય અગર કોઈ વ્યકિત યા નાણાંકીય સંસ્થાનો બોજો-લેણું હોય તો આ નોટીસ પ્રસિદ્ધ થયેથી **દિન-૩** માં હમોને લેખીત પુરાવા સહિત જાણ કરવી. જો જણાવેલ મુદ્દત વિત્યેથી કોઈના કોઈપણ જાતના વાંધા વિરોધ અવરોધ આવશે નહી તો હમો સદરહુ મીલકતનું ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ આપીશુ અને હમારા અસીલ બેંક સદરહુ મીલકત મોર્ગેજ/ગીરોમાં લેશે અને પાછળથી કોઈના કોઈપણ જાતના વાંધા ચાલશે નહી અને સદરહુ મીલકત ઉપર હમારા અસીલ બેંકનો પ્રથમ ચાર્જ રહેશે. **જેની આથી લાગતા વળગતા તમામે નોંધ લેવી.**

ઓફિસ : ૨૨૩, રાજહંસ પોઈન્ટ,
જુની ગીતાંજલી, વરાછા રોડ, સુરત.
મો. નં. ૯૯૭૪૨ ૯૮૬૪૫

બ્રિજેશ આર. ભાયાણી
(એડવોકેટ)
તે બેંકના એડવોકેટ તરીકે

દબાણગ્રસ્ત આસ્તિ વસુલી શાખા, સુરત શહેર ક્ષેત્ર, પ્લોટ નં. 6બી, ત્રીજો માળ, બરોડા સન કોમ્પ્લેક્સ, ઘોડદોડ રોડ, સુરત-395007.
ફોન : 0261-2294302, ઈ-મેલ : sarsuc@bankofbaroda.com

बैंक ऑफ़ बड़ौदा Bank of Baroda

પરિશિષ્ટ IV (જુઓ નિયમ 8(I) - કબજા નોટીસ

આથી નીચે સહી કરનાર બેંક ઓફ બરોડા, દબાણગ્રસ્ત આસ્તિ વસુલી શાખાના અધિકૃત અધિકારીશ્રીએ સિક્યોરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્સીયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ અધિનિયમ, 2002 તથા સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, 2002, કલમ 13 હેઠળ આપવામાં આવેલી સત્તાની રૂએ **તા.17-04-2021ના રોજ** કરજદાર/મોર્ટગેજર **શ્રી ગોરધનભાઈ રવજીભાઈ અકબરી, શ્રીમતી ભારતીબેન ગોરધનભાઈ અકબરી, શ્રી અક્ષય ગોરધનભાઈ અકબરીને** ડિમાન્ડ નોટિસ પાઠવી હતી. સદર નોટીસમાં પાઠવેલી રકમ **રૂા.1,09,17,176.97/-(એક કરોડ નવ લાખ સત્તર હજાર એક સો છોત્તેર રૂપિયા અને સત્તાણું પૈસા પુરા) (તા.17-04-2021 સુધીના વ્યાજ સહિત)** અને તેમના જામીનદાર **શ્રી હરેશભાઈ નારણભાઈ ગેવરીયાને** સદર નોટીસમાં પાઠવેલી રકમ **રૂા. 36,89,979.53 (છત્રીસ લાખ નેવ્યાંસી હજાર નવ સો ઓગણાએંસી રૂપિયા અને ત્રેપ્પન પૈસા પુરા)(તા. 17-04-2021 સુધીના વ્યાજ સહિત)** તથા આગળનું વ્યાજ અને **ખર્ચાઓ** સહિત બાકી રકમ સદરહુ નોટિસ મળ્યાની તારીખથી 60 દિવસમાં પરત ચુકવવા જણાવાયું હતું.

કરજદાર/જામીનદાર/મોર્ટગેજર સદરહુ રકમ પરત ચુકવવામાં નિષ્ફળ જતા કરજદાર/જામીનદાર/મોર્ટગેજર અને જાહેર જનતાને આ સાથે નોટિસ આપવામાં આવે છે કે સહી કરનારે સદરહુ ઓર્ડીનેન્સ એક્ટની કલમ 13(4) અને સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એન્ફોર્સમેન્ટ નિયમ 2002ના નિયમ 8 સાથે વાંચતા મળેલી સત્તાની રૂએ અહીં નીચે જણાવેલી મિલકતનો **કબજો તા. 16-07-2022**ના દિને સંભાળી લીધેલ છે.

કરજદાર/જામીનદાર/મોર્ટગેજર અને જાહેર જનતાને આથી જાહેર ચેતવણી આપવામાં આવે છે કે, તેમણે સદરહુ મિલકત બાબતમાં કોઈ વ્યવહાર કરવો નહીં અને કોઈપણ **બેંક ઓફ બરોડા, દબાણગ્રસ્ત આસ્તિ વસુલી શાખા** માટે **રૂા.1,22,83,404.76/-(એક કરોડ બાવીસ લાખ ત્ર્યાંસી હજાર ચાર સો ચાર રૂપિયા અને છોત્તેર પૈસા પુરા)તા.15-07-2022** સુધી તથા **આગળનું વ્યાજ** અને **ખર્ચાઓ** વસુલાતને પાત્ર રહેશે.

અહીં કરજદારનું ધ્યાન આકૃષ્ટ કરવામાં આવે છે કે, જણાવેલ સમય મર્યાદામાં સેક્શન 13 ના સબ સેક્શન (8) હેઠળ તમો તમારી સુરક્ષિત મિલકતોને બાકી લેણાં ભરપાઈ કરી પાછી મેળવી શકો છો.

: સ્થાવર મિલકતનું વર્ણન :

તમામ ભાગ અને હિસ્સા સહિત સ્થાવર મિલકત, B-ટાઈપ, પ્લોટ/ઘર નં. 143 (માન્ય પ્લાન પ્રમાણે પ્લોટ નં. 362 અને કે.જે.પી. પ્રમાણે બ્લોક નં. 287-362), અંદાજીત માપ 93.77 ચો.મી., "સૂર્યદર્શન સાઈલેન્ટ સિટી", રેવન્યુ સર્વે નં. 302 પૈકી અને 303, બ્લોક નં.287, ખાતા નં. 2355, મોજે કામરેજ, તા.કામરેજ, જી.સુરત. જે મિલકત શ્રી અક્ષયકુમાર ગોરધનભાઈ અકબરીના નામે સ્થિત છે. જેની ચતુર્સિમા : પૂર્વ : પ્લોટ નં.192, પશ્ચિમ : રસ્તો અને પ્લોટ નં.113, ઉત્તર : રસ્તો અને પ્લોટ નં.142, દક્ષિણ : પ્લોટ નં.144.

તા. 16-07-2022 | સ્થળ : સુરત. **અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા.**

કોર્ટના મુખ્ય દ્વાર પાસે કારનું પાર્કિંગ નહીં કરવા જિલ્લા ન્યાયાધિશનો આદેશ

સુરતઃ અઠવાલાઈન્સ ખાતે આવેલી સુરત કોર્ટના મુખ્ય પ્રવેશ દ્વાર અને જિલ્લા કાનુની સેવા સત્તા મંડળના કાઉન્સિલ સેન્ટર પાસે વકીલો દ્વારા કારનુ પાર્કિંગ કરવામાં આવતું હતું. જેથી આજે મુખ્ય જિલ્લા ન્યાયાધીશ વિમલ કે વ્યાસે અહી કાર પાર્કીંગ નહી કરવા વકીલ મંડળને સુચના આપી હતી. અઠવાલાઈન્સ ખાતે આવેલી સુરત કોર્ટમાં શરૂઆતથી વાહન પાર્કીંગની સમસ્યા રહી છે અને હજુ પણ આ સમસ્યાનુ નિરાકરણ આવ્યું નથી તેવુ લાગી રહ્યું છે. કોર્ટ બિલ્ડીંગનુ પાર્કિંગ હાઉસફુલ થઈ જતું હોવાથી વકીલો કોર્ટ બિલ્ડીંગના મુખ્ય પ્રવેશ દ્વાર, એટીએમ રૂમ અને જિલ્લા કાનુની સેવા સત્તા મંડળના કાઉન્સેલીંગ સેન્ટર પાસે તેમની ફોરવ્હીલ ગાડી પાર્ક કરતા હોય છે. આ ઉપરાંત ચોમાસાની ઋતુમાં વરસાદમાં ભીંજાવાના ડરથી કેટલાંક વકીલો પોતાના ડ્રાઈવરને કાર લઈને મુખ્ય પ્રવેશ દ્વાર પાસે કાર લઈને બોલાવતા હોવાથી પણ સમસ્યા સર્જાઈ છે. જેના કારણે કોર્ટ બિલ્ડીંગમાં આવતા અન્ય વકીલો અને પક્ષકારોને મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. તદઉપરાંત વકીલો, પક્ષકારો અને કોર્ટમાં કામ કરતા કર્મચારીઓની મેડીકલ ઈમરજન્સીના કિસ્સામાં એમ્બ્યુલન્સને કોર્ટના બિલ્ડીંગમાં પ્રવેશવા માટે પણ અગવડતા ઉભી થાય છે. આ બાબત મુખ્ય જિલ્લા ન્યાયાધીશ વિમલ કે વ્યાસના ધ્યાને આવી હતી. જેથી તેઓએ મુખ્ય જિલ્લા ન્યાયાધીશ વિમલ વ્યાસે અહી કાર પાર્કીંગ નહી કરવા વકીલ મંડળ અને સુરત સિટી એડવોકેટ એસોસિએશનને સૂચના આપવામાં આવી છે.

સુરત સ્ટેશને ખિસ્સા કાતરૂએ રૂપિયા તફડાવવા વૃદ્ધને બેભાન કરી દીધો

સુરતઃ કડોદરા તાતીથૈયાગામ વિક્કી હોમ્સ સોસાયટીમાં ૭૫ વર્ષીય યુવરાજ પ્રતાપસિંગ ગીરાસે પરિવાર સાથે રહે છે. ગઈ કાલે સુરત રેલવે સ્ટેશન પ્લેટફોર્મ નં.૧ ઉપર કોઈ અજાણ્યા શખ્સે યુવરાજના ખીસ્સામાંથી પૈસા કાઢી લીધા હતા અને ઝેરી દવા ખવડાવી ભાગી ગયો હતો. જેથી યુવરાજ બેભાન થઈ ગયા હતા. બેભાન અવસ્થામાં યુવરાજભાઈને તેમના સંબંધી વિક્કી ગીરાસે સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલમાં લઈ આવ્યા હતા. હાલ તેઓ બેભાન હોવાથી પોલીસ તેમનુ નિવેદન લઈ શકી નથી. સુરત રેલવે પોલીસે જાણવા જોગ નોંધી તપાસ શરૂ કરી છે.

ટાટા કેપીટલ ફાઈનાન્શિયલ સર્વિસીઝ લિમિટેડ
TATA
રજિ. ઓફિસ : ૧૧મા માળે, ટાવર - એ, પેનીસ્યુલા બિઝનેસ પાર્ક, ગણપતરાવ કદમ માર્ગ, લોઅર પરેલ, મુંબઈ - ૪૦૦૦૧૩.
બ્રાન્ચનું સરનામુંઃ ઓફિસ નં. ૫૦૧/૫૦૨/૫૦૩/૫૦૪, પાંચમા માળે, રીગસ બિઝનેસ સેન્ટર, ન્યુ સીટીલાઈટ રોડ સુરત -૩૯૫૦૦૭

સ્થાવર મિલકતના વેચાણ માટેની નોટીસ

(સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૮(૬) અંતર્ગત)
સિક્યુરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્સીયલ એસેટસ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ , ૨૦૦૨ (એક્ટ) સાથે વંચાણે લેતા સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ,૨૦૦૨ (રૂલ્સ) ના રૂલ ૮(૬) અંતર્ગત સ્થાવર મિલકતના વેચાણ માટે ઈ - ઓકશન નોટીસ
લોન ખાતા નં. ૧૧૯૩૧૭૮ : શ્રી હરીસિંઘ સાવલા સિંઘ રાજપુરોહિત

આથી જાહેર જનતાને અને ખાસ કરીને નીચે જણાવેલા દેવાદાર અને /સહ દેવાદાર જેમની નીચે જણાવેલ સ્થાવર મિલકત જે ટાટા કેપીટલ ફાઈનાન્સિયલ સર્વિસીઝલિ. **(સલામત ધિરાણકર્તા /ટીસીએફએસએલ)** પાસે ગીરો મુકેલ હતી,જેનો વાસ્તવિક કબજો ટીસીએફએસએલના અધિકૃત અધિકારીએ તેમને સિક્યુરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્સીયલ એસેટસ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ (સરફાયેસી એક્ટ) (૨૦૦૨ના નં.૫૪) હેઠળ પ્રાપ્ત અધિકારોનો ઉપયોગ કરી લીધેલ છે, **જેનું વેચાણ ૧૨મી ઓગસ્ટ, ૨૦૨૨ના રોજ ' જેમ છે જયાં છે' અને જે છે' અને ' જે છે તે છે ' અને ' ગમે ત્યાં હોય' ના ધોરણે કરવામાં આવનાર છે.**

મિલકતનુ વેચાણ દેવાદારો અને સહદેવાદારોના કુલ બાકી લેણી રકમ **રૂ. ૨,૨૬,૨૫,૧૮૧.૬૦/- (રૂપિયા બે કરોડ છવ્વીસ લાખ પચ્ચીસ હજાર એકસો એકયાંસી અને સાંઈઠ પૈસા પુરા) તા.૨૦મી મે ૨૦૨૧ના રોજે એકટના ખંડ ૧૩(૨) મુજબની ડીમાન્ડ નોટીસ ૨૧મી મે, ૨૦૨૧ના રોજ ૧) શ્રીહરીસિંઘ સાવલા સિંઘ રાજપુરોહિત, ૨) મે.ન્યુ વિજયલક્ષ્મી કિરાણા સ્ટોર ના માલિક શ્રી હરીસિંઘ સાવલા સિંઘ રાજપુરોહિત, ૩) શ્રી બાબુસિંઘ સાવલાસિંઘ રાજપુરોહીત, ૪) મે.લક્ષ્મી ટ્રેડીંગ કંપનીના માલિક શ્રી બાબુસિંઘ સાવલાસિંઘ રાજપુરોહીત, ૫ શ્રીમતી શારદાકુંવર હરીસિંઘ રાજપુરોહિત, ૬) મે. વિજયલક્ષ્મી કિરાણા સ્ટોરના માલિક શ્રીમતી શારદાકુંવર હરીસિંઘ રાજપુરોહિત** બધાનું સરનામુ ઘર નં.૧૫-૭૮,ડી/એસએફ-૩, નિકેતન રેસીડેન્સી-બી, ખારીવાડ,નાની દમણ,દમણ અને દીવ ૩૯૬૨૧૦,તેઓ અહીં પણ : દુકાન નં.૧૦૫ થી ૧૧૧, પહેલા માળે, ફોર્ચ્યુન એમ્પાયર, બી- વિંગ,મશાલ ચોક, કથિરીયા, નાની દમણ, દમણ અને દિવ-૩૯૬૨૧૦, **સહ દેવાદાર નં.૨ અને ૬ નું વધારાનું સરનામુ :** ગ્રાઉન્ડ ફ્લોર, ૧૪/૧૫૬,એજી-૧ થી જી-૪, ફોર્ચ્યુન એમ્પાયર, મશાલ ચોક, કથિરીયા, નાની દમણ, દમણ અને દિવ-૩૯૬૨૧૦, **સહ દેવાદાર નં.૪નું વધારાનું સરનામુ :** ગ્રાઉન્ડ ફ્લોર, ૧૫/૩૦૭, રેમટોલા કોમ્પ્લેક્ષ, ન્યુ દેના બેંકની પાસે, બિબ્લોસ માર્કેટની સામે, નાની દમણ, દમણ અને દિવ-૩૯૬૨૧૦, આથી નોટીસ આપવામાં આવે છે કે જો કોઈ મોકુફી ન થાય કે વેચાણ રદ નહીં થાય તો આ મિલકતનું વેચાણ **તા. ૧૨મી ઓગસ્ટ, ૨૦૨૨**ના રોજ બપોરે ૦૨.૦૦ કલાકે થશે. ટીસીએફએસએલ તેમની બ્રાંચ ઓફિસ **ઓફિસ નં.૫૦૧/૫૦૨/૫૦૩/૫૦૪, પાંચમા માળે, રીગસ બિઝનેસ સેન્ટર,ન્યુ સીટીલાઈટ રોડ સુરત-૩૯૫૦૦૭** ખાતે તેમના દ્વારા ઈ-ઓકશનથી કરવામાં આવશે. મિલકતની ખરીદી માટે ઈએમડીના ડીમાન્ડ ડ્રાફ્ટ સાથે **૧૦મી ઓગસ્ટ, ૨૦૨૨**ના રોજ સાંજે ૦૫.૦૦ વાગ્યા સુધીમાં સીલબંધ કવરમાં ટાટા કેપિટલ ફાઈનાન્સીયલ સર્વિસીઝના અધિકૃત અધિકારીને પહોંચાડવાના રહેશે.

સુરક્ષિત મિલકતનું વર્ણન	કબજાનો પ્રકાર	અનામત કિંમત (રૂ.માં)	અર્નેસ્ટ મની (ઈએમડી) (રૂ.માં)
તમામ ખંડ કે અખંડિત ભાગની બનેલી મિલકત **૧. દુકાન નં.૧૦૫,** દમણ મ્યુનિસિપલ કાઉન્સીલ મકાન નં.૧૪-૧૫૬/એ/એફ-૫, ક્ષેત્રફળ ૭૯૨.૫૦ ચો.ફૂટ, વેચાણને યોગ્ય બિલ્ટઅપ એરિયા.	વાસ્તવિક	Rs. 24,95,000/-	Rs. 2,49,500/-
૨. દુકાન નં.૧૦૬, દમણ મ્યુનિસિપલ કાઉન્સીલ મકાન નં.૧૪-૧૫૬/એ/એફ-૬, ક્ષેત્રફળ ૩૯૫.૫૭ ચો.ફૂટ,વેચાણને યોગ્ય બિલ્ટઅપ એરિયા.	વાસ્તવિક	Rs. 12,48,000/-	Rs. 1,24,800/-
૩. દુકાન નં.૧૦૭, દમણ મ્યુનિસિપલ કાઉન્સીલ મકાન નં.૧૪-૧૫૬/એ/એફ-૭, ક્ષેત્રફળ ૩૨૫.૬૦ ચો.ફૂટ, વેચાણને યોગ્ય બિલ્ટઅપ એરિયા.	વાસ્તવિક	Rs. 10,27,000/-	Rs. 1,02,700/-
૪. દુકાન નં.૧૦૮, દમણ મ્યુનિસિપલ કાઉન્સીલ મકાન નં.૧૪-૧૫૬/એ/એફ-૮, ક્ષેત્રફળ ૫૭૮.૦૦ ચો.ફૂટ, વેચાણને યોગ્ય બિલ્ટઅપ એરિયા.	વાસ્તવિક	Rs. 18,21,000/-	Rs. 1,82,100/-
૫. દુકાન નં.૧૦૯, દમણ મ્યુનિસિપલ કાઉન્સીલ મકાન નં.૧૪-૧૫૬/એ/એફ-૯, ક્ષેત્રફળ ૧૪૭૪.૩૭ ચો.ફૂટ, વેચાણને યોગ્ય બિલ્ટઅપ એરિયા.	વાસ્તવિક	Rs. 46,44,000/-	Rs. 4,64,400/-
૬. દુકાન નં.૧૧૦, દમણ મ્યુનિસિપલ કાઉન્સીલ મકાન નં.૧૪-૧૫૬/એ/એફ-૧૦, ક્ષેત્રફળ ૬૪૨.૬૦ ચો.ફૂટ, વેચાણને યોગ્ય બિલ્ટઅપ એરિયા.	વાસ્તવિક	Rs. 20,26,000/-	Rs. 2,02,600/-
૭. દુકાન નં.૧૧૧, દમણ મ્યુનિસિપલ કાઉન્સીલ મકાન નં.૧૪-૧૫૬/એ/એફ-૧૧, ક્ષેત્રફળ ૫૬૧.૦૦ ચો.ફૂટ વેચાણપાત્ર બિલ્ટઅપ એરિયા	વાસ્તવિક	Rs. 17,70,000/-	Rs. 1,77,000/-
૮. વત્તા કોરીડોરનો એરિયા ૧૩૬૦ ચો.ફૂટ વેચાણને યોગ્યબિલ્ટઅપ એરિયા.	વાસ્તવિક	Rs.42,85,000/-	Rs.4,28,500/-

(કુલ ક્ષેત્રફળ આશરે **૬૧૨૯.૬૬ ચો.ફૂટ** વેચાણને યોગ્યબિલ્ટઅપ એરિયા) જે '**ફોર્ચ્યુન એમ્પાયર**' વિંગ-બી તરીકે ઓળખાતા કોમ્પ્લેક્ષમાં પહેલા માળે આવેલ છે અને સ.નં. ૨૯૫/૧ (૩૬/બી), (૩૭/૪), (૩૭/૪-એ, અને (૩૭/૫) પર બાંધવામાં આવેલ છે અને મશાલ ચોક કથિરીયા નાની દમણ, જિ.દમણ ખાતે આવેલ છે જેનું કાર્યક્ષેત્ર દમણ મ્યુનિસિપલ કાઉન્સીલ રહેશે. તા. દમણ, પેટા જિ.અને જિ.દમણ જેની ચતુ:સીમા આ મુજબ છે.

દુકાન નં.૧૦૫ પૂર્વે **:** ખુલ્લી જગ્યા, પશ્ચિમે : દુકાન નં.૧૦૬, ઉત્તરે : કોરીડોર, દક્ષિણે : કોરીડોર,
દુકાન નં.૧૦૬ પૂર્વે **:** દુકાન નં.૧૦૫, પશ્ચિમે : દુકાન નં.૧૦૭, ઉત્તરે : કોરીડોર, દક્ષિણે : કોરીડોર
દુકાન નં.૧૦૭ પૂર્વે : દુકાન નં.૧૦૬, પશ્ચિમે : કોરીડોર, ઉત્તરે : કોરીડોર, દક્ષિણે : કોરીડોર અને દાદર,
દુકાન નં.૧૦૮ પૂર્વે : કોરીડોર, પશ્ચિમે : ખુલ્લી જગ્યા, ઉત્તરેઃ ખુલ્લી જગ્યા અને કોરીડોર, દક્ષિણેઃ કોરીડોર,
દુકાન નં.૧૦૯ પૂર્વે : ખુલ્લી જગ્યા, પશ્ચિમે : દુકાન નં.૧૧૦ અને દાદર, ઉત્તરેઃ કોરીડોર, દક્ષિણેઃ ખુલ્લી જગ્યા ,
દુકાન નં.૧૧૦ પૂર્વે : દુકાન નં.૧૦૯, પશ્ચિમે : દુકાન નં.૧૧૧, ઉત્તરે : કોરીડોર અને દાદર, દક્ષિણે : ખુલ્લી જગ્યા
દુકાન નં.૧૧૧ પૂર્વે : દુકાન નં.૧૧૦, પશ્ચિમે : ખુલ્લી જગ્યા, ઉત્તરેઃ કોરીડોર, દક્ષિણે : ખુલ્લી જગ્યા અને કોરીડોર
કોરીડોર પૂર્વે : ખુલ્લી જગ્યા, પશ્ચિમે : ખુલ્લી જગ્યા, ઉત્તરે : દુકાન નં. ૧૦૫, ૧૦૬, ૧૦૭, ૧૦૮ અને કોરીડોર, દક્ષિણે : દુકાન નં. ૧૦૯, ૧૧૦, ૧૧૧ અને દાદર

વેચાણ માટે મુકવામાં આવેલ મિલકત ઉપર જણાવ્યા મુજબ છે. જો દેવાદારો તરફથી બાકી લેણી રકમ વત્તા વ્યાજ (વેચાણનો ખર્ચ) સહિતની કુલ રકમની ચુકવણી કરી હોવાના પુરાવા અધિકૃત અધિકારી સમક્ષ ઈ ઓકશન શરૂ થાય એ પહેલા રજુ કરવામાં આવશે તો વેચાણ અટકાવી દેવામાં આવશે. કોઈ અધિકારી કે અન્ય વ્યક્તિને વેચાણ માટે પ્રત્યક્ષ કે પરોક્ષ નિયુકત કરાયા નથી. વેચાણ સરફાયેસી એક્ટ ૨૦૦૨ની જોગવાઈ અંતર્ગત કરવામાં આવશે. ઈ-ઓકશન આ પોર્ટલ **https://bankauctions.in** દ્વારા **૧૨મી ઓગસ્ટ, ૨૦૨૨** ના રોજ **બપોરે ૦૨.૦૦ થી ૦૩.૦૦** ની વચ્ચે વધારાના ૧૦ મિનીટના અમર્યાદીત ગાળા સાથે યોજાશે.તમામ મિલકતના વેચાણ માટે રજુ કરવામાં આવનાર બીડની સાથે ટાટા કેપિટલ ફાઈનાન્સીયલ સર્વિસીઝ લિમીટેડની તરફેણના સુરત ખાતે ચુકવવાને પાત્ર ડીમાન્ડ ડ્રાફ્ટ મોકલવાના રહેશે. મિલકતના નિરીક્ષણ માટેની **તારીખ અને સમય : ૨૩મી જુલાઈ,૨૦૨૨ સવારે ૧૧.૦૦ થી સાંજે ૦૫.૦૦ સુધી.**

નોંધઃ રસ ધરાવતા બીડરે અધિકૃત અધિકારી **શ્રી હરંગદ ભોગાલ / શ્રી અનુરોધ જુલિયસનો સંપર્ક સાધવો.**

ઈમેલ આઈડી : Harangad.Bhogal@tatacapital.com/Anurodh.juilus@tatacapital.com

મો.નં. + ૯૧ ૮૨૯૧૯૦૧૮૩૫ /૮૬૫૭૪૩૯૦૦૮

વેચાણના નિયમો અને શરતો માટે ધિરાણકર્તાની વેબ સાઈટ **https://www.tatacapital.com/content/dam/tata-capital/pdf/tcfs/AUCTIONTERMS%26CONDITIONS.pdf** અથવા અધિકૃત અધિકારી અથવા સર્વિસ પ્રોવાઈડર મે.ફોર કલોઝરનો સંપર્ક સાધવો.

સ્થળ : સુરત, ગુજરાત **સહી/ અધિકૃત અધિકારી**
તારીખ : ૧૯મી જુલાઈ ૨૦૨૨ **ટાટા કેપીટલ હાઉસિંગ ફાઈનાન્સ લિમીટેડ**

પ્રત્યક્ષ ઈ-હરાજી વેચાણ નોટીસ

તા. 24-08-2022
સમય : બપોરે 01.00 થી 03.00

ROSARB સુરત શહેરી ક્ષેત્ર, ત્રીજો માળ, બરોડા સન કોમ્પલેક્ષ, ઘોડદોડ રોડ સુરત ફોન : 0261-2294302/03/04/05,9499555022, 7972395690

સિક્યુરિટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્શીયલ એસેટ્સ અને એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ 2002ની સાથે સિક્યોરીટી (એન્ફોર્સમેન્ટ) એક્ટ 2002ના રૂલ્સ 6(2) અને રૂલ્સ 8(6) સાથે વંચાણે લઈ સુરક્ષિત મિલકતોનું વેચાણ.

आथी अहीं जाहेर जनता અને ખાસ કરીને કરજદારો તથા જામીનદારોને નોટીસ આપવામાં આવે છે કે, નીચે જણાવેલ જંગમ મિલકત કે જે બેંક ઓફ બરોડાને મોર્ગેજ/ચાર્જ છે, જેનો કબજો બેંક ઓફ બરોડાના અધિકૃત અધિકારી દ્વારા લેવામાં આવેલ છે. નીચે જણાવેલ ખાતાઓની મિલકત બેંકના બાકી લેણાં વસુલવાના ધોરણે "જેમ છે", "જ્યાં છે", "ત્યાં જેમ છે તેમ", અને કોઈપણ પ્રકારના આશ્રયના આધાર વિના વેચાણ કરવામાં આવશે.

बैंक ऑफ़ बड़ौदा Bank of Baroda

ક્રમ	કરજદાર/ડિમાન્ડ નોટીસ તારીખ	મિલકતના માલિક (કરજદાર/જામીનદાર)	જંગમ મિલકતનું વર્ણન	મિલકતનો પ્રકાર	બાકી રકમ (રૂા.લાખમાં) + વ્યાજ અને અન્ય ખર્ચાઓ	અનામત કિંમત ઈએમડી (રૂા.લાખમાં)
1.	સાહલોક યુનિવેર્સ પ્રાઈવેટ લિમિટેડ | 17-04-2021	હીના ચતુરભુજ રામાણી, હેતલ કલ્પેશ બોદરા, ચતુરભુજ જયંતિભાઈ રામાણી, કલ્પેશ દુલાભાઈ બોદરા	પ્લાન્ટ અને મશીનરીનું સ્થળ : ઔદ્યોગિક મધ્યમ કદની મિલકત, મોજે કુડસદ, બ્લોક નં. 787, પ્લોટ નં.11 પૈકી, ઉત્તર-દક્ષિણ, મોહિત ઈન્ડસ્ટ્રીઝ લિ.ની બાજુમાં, કુડસદ, તા. ઓલપાડ, જી. સુરત.	પ્લાન્ટ અને મશીનરી	154.93 + વ્યાજ	50.30 5.03

કરજદાર / જામીનદાર / મોર્ગેજરને સરફેસી એક્ટ હેઠળ 30 દિવસીય કાયદીકીય વેચાણ નોટીસ

વેચાણના નિયમો અને શરતો અંગેની વધુ માહિતી માટે https://www.bankofbaroda.in/e-auction.htm, https://bob.auctiontiger.net તથા અધિકૃત અધિકારી : ફોન : 0261-2294302/03/04/05, મો.9499555022/7972395690 નો અને https://bob.auctiontiger.net પર સંપર્ક કરો.
(આ હરાજી નોટીસનું અંગ્રેજીમાંથી અન્ય ભાષામાં અનુવાદ કરતી વખતે કોઈ ક્ષતિ થયેલ જણાશે તો અસલ અંગ્રેજી લખાણ જ માન્ય ગણાશે)

તારીખ : 19-07-2022 | સ્થળ : સુરત | મિલકતની મુલાકાત માટે સંપર્ક : સંજય કુમાર સિંહા - 7972395690 **અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા.**

Printed by Manojbhai Laljibhai Mistry at GUARDIANPRESS B-17/2, Hojiwala Industrial Estate, Sachin-Palsana Road, Near Sachin, Surat on behalf of owners Manojbhai Laljibhai Mistry & Published by Manojbhai Laljibhai Mistry at Guardian House, Suman Desai ni Wadi, Udhna Darwaja, Ring Road, Surat-395002 on behalf of Owners Manojbhai Laljibhai Mistry Editor: Manojbhai Laljibhai Mistry .